بسم اللہ الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.17-02-2017 સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

જેવું કે આપણે જાણીએ છીએ કે ૨૦ ફેબ્રુઆરીનો દિવસ જમાઅતમાં પેશગોઈ મુસ્લેહ મૌઉદના નામે ઓળખાય છે આ એક મહત્વ પૂર્ણ ભવિષ્યવાણી છે જેમાં હઝરત મસીહ મૌઉદ અ.સ.ને એક એવા પુત્રના જન્મની ખબર આપી જેની અસંખ્ય વિશેષતાઓ બયાન કરી છે. જેની લાંબી આયુ મેળવવાની ખબર પણ હતી અને હઝરત મસીહ મૌઉદ અ.સ.ની સ્થાપેલ જમાઅતની મુસ્લેહ મૌઉદના યુગમાં અસાધારણ પ્રગતિની ભવિષ્યવાણી પણ હતી. જમાઅત અહેમદિયાનું ઈતિહાસ સાક્ષી છે કે હઝરત મિરઝા બશીરૂદ્દીન મહેમૂદ અહેમદ મુસ્લેહ મૌઉદના 52 વર્ષની ખિલાફત યુગમાં આ ભવિષ્યવાણીની તમામ વિશેષતાઓ શબ્દો પ્રમાણે પૂર્ણ થઈ. એક ન્યાયપૂર્ણ ઈન્સાન માટે એક રૂહાની લેહાઝથી જોનાર આંખ રાખનાર માટે આ જ એક ભવિષ્યવાણી હઝરત મસીહ મૌઉદ અ.સ. ની સચ્ચાઈ માટેની મોટી દલીલ છે. ત્રણ દિવસ પછી ૨૦ ફેબ્રુઆરી છે. આજે હું આ બાબતથી હઝરત મુસ્લેહ મૌઉદ રઝી.ના પોતાના શબ્દોમાં બયાન કરેલ કેટલીક રચનાઓ પેશ કરીશ. હઝરત મુસ્લેહ મૌઉદ રઝીને ઈ.સ. ૧૯૧૪માં અલ્લાહ તઆલાએ ખિલાફતની પદવી પર બેસાડયા. હઝરત મુસ્લેહ મૌઊદ રઝીમાં પેશગોઈ મુસ્લેહ મૌઊદની તમામ વાતો પૂર્ણ થતા જોવા મળતી હતી તે સમયે પણ જમાઅતના ઉલ્મા તથા જમાઅતના લોકોની અધિકતર સંખ્યા આ સમજતી હતી કે આપ જ મુસ્લેહ મૌઉદ છો પરંતુ હઝરત મુસ્લેહ મૌઉદ રઝીએ સ્વયં આ વાતનો એલાન કર્યા ત્યાં સુધી કે ઈ.સ.૧૯૪૪નો વર્ષ આવ્યો. આપએ પોતાના એક સ્વપ્નના આધાર પર એલાન કર્યુ કે હું જ મુસ્લેહ મૌઉદ છું. આ પણ ફરમાવ્યું કે મારા સ્વભાવની દ્રષ્ટિથી આ મારા માટે ખુબ જ કઠીન પરિસ્થિતિ છે, મોટો બોઝ છે કે આ ઘોષણા કરૂ. જો હું મુસ્લેહ મૌઊદ છું તથા ભવિષ્યવાણી મારા પર પૂર્ણ થાય છે તો ઠીક છે, કોઈ દાવાની શું જરૂર છે. લોકોને જવાબ આપતા આપે ફરમાવ્યું કે મુસ્લિમ ઉમ્મતમાં જે મુજદદીદની સૂચિ છે હઝરત મસીહ મૌઉદ અ.સ. બતાવ્યા પછી પ્રકાશિત થઈ, તેમાં કેટલા છે જેમણે દાવો કર્યો છે. ગૈર મામૂરિન માટે દાવાની જરૂર નથી, દાવો માત્ર મામૂરિનની પેશગોઈના વિષયમાં અનિવાર્ય છે. ગૈર મામૂરિનના કેવળ કામને જોવો જોઈએ. જો કામ પૂર્ણ થતા નજર આવે તો તેના દાવાની શું જરૂર છે. મામૂર મુજદદીદ કેવળ તે જ થઈ શકે છે જે દાવો કરે જેવું કે હઝરત મસીહ મૌઊદ અ.સ.એ કર્યો. આ રીતે મારા તરફથી મુસ્લેહ મૌઊદ હોવાના દાવાની કોઈ જરૂર નથી તથા વિરોધીઓની એવી વાતોથી ઘભરાવાની પણ કોઇ જરૂર નથી આપણને. આમા અપમાનની કોઈ વાત નથી, વાસ્તવિક સમ્માન તે જ હોય છે જે ખુદા તઆલા તરફથી મળે છે ભલેને દુનિયાની દ્રીષ્ટમાં ઈન્સાન અપમાનિત ગણવામાં આવે. જો તે ખુદાના માર્ગમાં ચાલશે તો તેના દરબારમાં તે જરૂર સમ્માનિત થશે અને જો કોઈ વ્યકિત જુઠથી કામ લે તથા પોતાના દાવાને પ્રમાણિત પણ કરી લે તથા પોતાની ચતુરાઈથી લોકોમાં વિજય પણ થઈ જાય તો ખુદા તઆલાના દરબારમાં તે સમ્માન પ્રાપ્ત ન કરી શકશે તથા જેને ખુદા તઆલાના દરબારમાં સમ્માન પ્રાપ્ત નથી તે ચાહે પ્રત્યક્ષ રૂપથી કેટલોય આદરણીય કેમ ન સમજાય તેણે કશું મેળવ્યું નથી બલ્કે ખોયું છે તથા એક દિવસ તે અપમાનિત થઈને રહેશે. માટે દીન તથા દુનિયાના કામોમા હંમેશા સત્યને ધારણ કરો. જે વ્યકિત ખુદા માટે મુશ્કેલીઓ ઊઠાવે છે તે વાસ્તવમાં લાભમાં રહે છે. આ રીતે એક મૂળ સિદ્ધાંત પણ આપે બયાન ફરમાવી દીધો કે જે સત્ય સાથે ખુદા તઆલા છે, જેને અલ્લાહ તઆલા સાચો સમજે છે તે અલ્લાહ તઆલાના ક્રિયાશીલ સાક્ષ્યથી પણ જાહેર થઈ જાય છે. જરૂરી નથી કે તેના માટે દાવો કે એલાન કરવામાં આવે. હાં જો અલ્લાહ તઆલા ચાહે કે એલાન થાય તો એલાન પણ થઈ જાય છે. માટે જો કોઈને પરખવું હોય કે તે ખુદા તઆલાની ઈચ્છા અનુસાર કામ કરી રહ્યો છે અથવા અલ્લાહ તઆલા તરફથી છે તો પછી તેને ખુદા તઆલાના સમર્થન દ્વારા પરખવું જોઈએ. જ્યારે અલ્લાહ તઆલાએ આપ રઝીને કહ્યું કે દાવો કરે તો પછી આપ રઝી એ ઘોષણા પણ કરી કે હું જ પેશગોઈ મુસ્લેહ મૌઊદનો યથાર્થ છું. આ ઘોષણા પર જ્યાં એક તરફ તો જમાઅતના લોકો ખુશ હતા ત્યાં ગૈર મુબાઈનએ આપત્તિઓ પણ શરૂ કરી દીધી.

આ રીતે ઈ.સ.૧૯૪૫ના જલસા સાલાનાની ૨૭ તારીખના ભાષણમાં આપ રઝી. મોલ્વી મુહમ્મદ અલી સાહેબના બયાનના સંદર્ભમાં ફરમાવે છે જ્યારથી મેં મુસ્લેહ મૌઊદ થવાની ઘોષણા કરી છે મોલ્વી મુહમ્મદ અલી સાહેબએ તેવી જ રીતે આપત્તિઓ કરવાની શરૂ કરી દીધી છે જેવી કે મોલ્વી સના ઉલ્લાહ સાહેબ કરતા હતા. હું સપના અને ઈલ્હામ સંભળાવું છું તથા અલ્લાહ તઆલાના કહેવા પ્રમાણે એલાન કરૂં છું પરંતુ મોલ્વી મુહમ્મદ અલી સાહેબ ન તો તેના વિરોધમાં કોઈ સપનુ અથવા ઈલ્હામ પેશ કરે છે તથા ન તેઓ પેશ કરી શકે છે કેમકે જ્યારે ઈલ્હામ થયો જ નથી તો પેશ કેવી રીતે કરે. હવે આપત્તિઓ વગર તેમની પાસે કોઈ વાત નથી, જો તે આપત્તિ ન કરે તો વિરોધ કેવી રીતે કરે. હઝરત ઇબ્રાહીમ, હઝરત મૂસા, હઝરત ઇસા ના દુશ્મન આ વાતનો તો ઈન્કાર ન કરી શકતા હતા કે ઈલ્હામ થતો જ નથી કેમકે તેમનાથી પહેલા નબીઓને ઈલ્હામ થતો હતો તથા તે આ વાતના સમર્થક હતા માટે તે નબીઓના ઈન્કાર કરનાર આ વાતનો ઈન્કાર ન કરી શકતા હતા કે ઈલ્હામ કોઈ વસ્તું નથી. પોતાની વાતને ઉચ્ચ પ્રમાણિત કરવા માટે તથા નબીઓનો વિરોધ કરવા માટે આ કહેતા હતા કે તેમના ઈલ્હામ ઘડેલા હતા. તેવી જ રીતે આજે મોલ્વી મુહમ્મદ અલી સાહેબ કહે છે કે મારા ઈલ્હામ જુઠા છે પરંતુ કેમ અલ્લાહ તઆલા તેમને મારા વિરોધમાં સાચા ઈલ્હામ નથી કરી દેતો જેથી દુનિયા સામે સ્પષ્ટ થઈ જાય કે મોલ્વી સાહેબ હક પર છે તથા હું અસત્ય પર છું. આપ ફરમાવે છે કે આશ્ચર્ય છે કે એક વ્યકિત રાત દિવસ અલ્લાહ તઆલાના બંદાઓને પથભ્રષ્ટ કરે તથા રાત દિવસ તેના બંદાને ધોકો અને અનુચિત માર્ગ તરફ લઈ જાય પરંતુ તો પણ અલ્લાહ તઆલાને લાજ ન આવે. જો અલ્લાહ તઆલાને લાજ નથી આવતી તો તેનો મતલબ નિ:સંદેહ તેના સિવાય બીજુ કાંઈ નથી કે અલ્લાહ તઆલા જાણે છે કે મોલ્વી સાહેબ તેની નિકટતાથી ખુબ દૂર છે માટે અલ્લાહ તઆલાએ તેને ઈલ્હામ નથી કર્યો. સત્યના વિરોધમાં હંમેશા ઈન્કાર થતો રહે છે.

હવે હું હઝરત મુસ્લેહ મૌઊદ રઝી. ના કેટલાક ઈલ્હામ, કશ્ફ તથા સપનાઓનું વર્ણન કરૂં છું જે આપ રઝી.એ પોતાના મુસ્લેહ મૌઊદ હોવાની ઘોષણાના અવસરે બયાન ફરમાવ્યા હતા. આપ રઝી. ફરમાવે છે :

સૌથી પહેલી વસ્તું જે આ પદ તરફ સંકેત કરે છે તે મારો એક ઈલ્હામ છે જે હઝરત મસીહ મૌઊદ અ.સ.ના જીવનમાં મને થયો અને મેં જઈને હઝરત મસીહ મૌઊદ અ.સ.ને જણાવી દીધું અને હઝરત મસીહ મૌઉદ અ.સ.એ તેને પોતાના ઈલ્હામની નોટમાં લખી લીધો. પહેલા હું તેને કેવળ ખિલાફતના સંબંધમાં સમજતો હતો પરંતુ હવે મારૂ ધ્યાન આ તરફ ગયું છે કે આ ઈલ્હામમાં મારા આ પદ તરફ સંકેત હતો જે અલ્લાહ તઆલા તરફથી મને મળવાનો હતો. તે ઈલ્હામ આ હતો કે اِنَّ الَّذِیْنَ اتَّبَعُوْكَ فَوْقَ الَّذِیْنَ كَفَرُوْۤا اِلٰى یَوْمِ الْقِیٰمَةِ નિ:સંદેહ અલ્લાહ તઆલા તારા માનનારને તારા ઈન્કાર કરનાર પર કયામત સુધી ગાલિબ રાખશે. આમા એક બારીક સંકેત છે જે પેશગોઈ પૂર્ણ થવાના ક્રમ પર પ્રમાણ છે તથા એ આ છે કે આ તે ઈલ્હામ છે જે હઝરત મસીહ નાસિરીને થયો જેનું કુરઆન એ કરીમમાં પણ વર્ણન છે પરંતુ અહીયા આ શબ્દો છે وَجَاعِلُ الَّذِیْنَ اتَّبَعُوْكَ فَوْقَ الَّذِیْنَ كَفَرُوْۤا اِلٰى یَوْمِ الْقِیٰمَةِ અને અહીયા આ ઈલ્હામ છે કે :

اِنَّ الَّذِیْنَ اتَّبَعُوْكَ فَوْقَ الَّذِیْنَ كَفَرُوْۤا اِلٰى یَوْمِ الْقِیٰمَةِ તેનું કારણ આ છે કે હઝરત મસીહ માસિરીનો દાવો મૂસવી સિલસિલાની અંતિમ નબુવ્વતનો હતો તથા આ પ્રકારના દાવાના સંબંધમાં પહેલા લોકોનો વિરોધ જરૂર થતો હતો. પછી એક લાંબા સમય પછી તે નબી પર ઈમાન લાવે છે. પરંતુ મુસ્લેહ મૌઊદની ભવિષ્યવાણી લાવવાની કેમકે અલ્લાહ તઆલા પહેલા ખલીફા બનાવવા ઈચ્છતો હતો તથા ખલીફાને તરત જ બનેલ જમાઅત મળી જાય છે માટે અહીયા وَجَاعِلُ الَّذِیْنَ શબ્દની જરૂર ન હતી અને اِنَّ الَّذِیْنَ اتَّبَعُوْكَ فَوْقَ الَّذِیْنَ كَفَرُوْۤا اِلٰى یَوْمِ الْقِیٰمَةِ ફરમાવીને અલ્લાહ તઆલાએ આ તરફ સંકેત ફરમાવ્યો હતો કે અલ્લાહ તઆલા તમને બનેલ જમાઅત આપી દેશે પછી આ જમાઅતનો સંબંધ તમારી સાથે મજબૂતથી મજબૂત કરતો જશે. અહીયા સુધી કે એક દિવસ તે તમારી જમાઅત છબીના રૂપમાં કહેવાશે તથા કેટલાક લોકો તમારા વિરોધી પણ હશે પરંતુ તમારી બૈઅત કરનારને અલ્લાહ તઆલા કયામત સુધી તમારો ઈન્કાર કરનાર પર વિજયી રાખશે તથા આ પ્રભુત્વ તમારા ઈમામ બનતા જ શરૂ થઈ જશે અથાર્ત જ્યારે આ જમાઅત તમારા હવાલે થશે તે દિવસથી જ તારા માનનાર તારા વિરોધીઓ પર પ્રભુત્વ આરંભ થઈ જશે. માટે જોઈ લો તેવું જ થયું. હઝરત મસીહ નાસિરીની જમાઅત તો ત્રણ સો વર્ષ પછી પ્રભુત્વ મેળવ્યું પરંતુ અહીયા અલ્લાહ તઆલાએ જે સમયે ખિલાફતના પદ પર મને ઊભો કર્યો તેના થોડા દિવસોની અંદર જ તે લોકો જે મારા વિરોધમાં ઊભા હતા તથા મારા પદના ઈન્કારી હતા અર્થાત પૈગામી, અલ્લાહ તઆલાએ તેમના પર મને અને મારા સાથીઓને વિજય આપવાનું શરૂ

કરી દીધું અને આ પ્રભુત્વ ખુદા તઆલાના ફઝલથી પ્રતિ દિન વધતો જઈ રહ્યો છે. પૈગામી આજ કાલ કહી રહ્યા છે કે એક સપનાને આધાર બનાવ્યો છે, આપ ફરમાવે છે કે તે પણ સપનુ નથી કેમકે તેમાં શબ્દ છે. પરંતુ આ ઈલ્હામ જે મેં ઉપર લખ્યું છે, આ તો ઈલ્હામ છે તથા ચાલીસ વર્ષ જુનો છે. અલ્લાહ તઆલાએ સૂચના આપી કે હું એક જમાઅતનો ઈમામ હોઈશ, કેટલાક લોકો મારો વિરોધ કરશે, અધિકતર લોકો મારી સાથે મળી જશે તથા તેમને અલ્લાહ તઆલા કયામત સુધી બીજા પર વિજય આપશે જે ખિલાફત સાથે જોડાઈ રહેશે. આ જે ફરમાવ્યું કે તારા માનનારને તારા ઈન્કાર કરનાર પર કયામત સુધી ગલ્બો આપશે તેમાં આ તરફ સંકેત છે કે અલ્લાહ તઆલા એક દિવસ મને છબીના રૂપમાં નબીઓ નો અર્થાત મસીહ નાસિરી અને મસીહ મુહમ્મદીનું નામ આપનાર છે કેમકે ખલીફાની જમાઅત તેના જીવન કાળ સુધી જ હોય છે, નિધન પછી કેવળ નબીઓની જમાઅત અથવા તેમની છબી રાખનારની જમાઅત ચાલે છે. આ રીતે કફરૂ ના શબ્દે પણ આ તરફ સંકેત કર્યો છે કે ખિલાફત પછી મને એક અન્ય પદ મળનાર છે જે નબીઓની છબીના રૂપમાં હશે.

પછી આપ ફરમાવે છે કે બીજુ મને કશ્ફ થયો જે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના જીવનમાં જ મેં જોયું તે પણ આ પદનું પ્રમાણ છે. મેં જોયું કે હું તે કમરાથી નિકળી રહ્યો છું જેમાં હઝરત મસીહ મૌઉદ અ.સ. રહેતા હતા તો ત્યાં હઝરત મસીહ મૌઉદ અ.સ.બેઠા છે. તે સમયે એક વ્યકિત મને આ કહેતા એક પાર્સલ આપી ગયો કે આ તમારા અને હઝરત મસીહ મૌઉદ અ.સ. માટે છે. કશ્ફની અવસ્થામાં જ્યારે પાર્સલ પર લખેલ સરનામું જોઉ છું તો ત્યાં પણ મને બે નામ લખેલ દેખાય છે અને સરનામું આ પ્રમાણે લખ્યું છે કે મુહીદ્દીન અને મુઈનુદ્દીનને મળે. આપ ફરમાવે છે કે હું કશ્ફમા સમજુ છું કે તેમાંથી એક નામ હઝરત મસીહ મૌઊદ અ.સ.નું છે અને બીજુ નામ મારૂ છે. તે સમયે કેમકે હું નાનો હતો તથા હઝરત મહીદ્દીન ઈબ્ને અરબીનું નામ મેં સાંભળ્યું ન હતું માત્ર ઔરંગઝેબના વિશે જાણતો હતો તેમનું નામ મુહીદ્દીન હતું માટે મેં તે સમયે સમજ્યું કે મહીદ્દીન એટલે હું છું તથા હઝરત મુઈનુદ્દીન વિશ્તી કેમકે હિન્દુસ્તાનમાં એક પ્રખ્યાત બુઝુર્ગ થયા છે માટે મેં સમજ્યું કે મુઈનુદ્દીન એટલે હઝરત મસીહ મૌઊદ અ.સ. છે પરંતુ બાદમાં મને માલૂમ થયું કે હઝરત મુહીદ્દીન ઈબ્ને અરબી પણ એક મોટા બુઝુર્ગ થયા છે તો સમજ્યું કે મહીદ્દીન એટલે હઝરત મસીહ મૌઊદ અ.સ. છે જેણે દીનને ફરીથી જીવિત કર્યો તથા મૂઈનુદ્દીન એટલે હું જેણે દીનની સહાયતા કરી. આમ દીનને જીવન આપનાર હઝરત મસીહ મૌઊદ અ.સ. છે અને દીનની સહાયતા અને સહયોગ કરનાર હું છું.

પછી આપ ફરમાવે છે કે ત્રીજો ઈલ્હામ જેમને તે જ રંગમાં થયો પરંતુ હઝરત મસીહ મૌઊદ અ.સ.ના નિધન પછી, તે આ છે કે હે આલે દાઉદ, તમે અલ્લાહ તઆલાના શુકર સાથે તેના આદેશ અનુસાર કર્મ કરો. આ ઈલ્હામ દ્વારા ઈઅમલુ કહીને અલ્લાહ તઆલએ આપણને પોતાની ઈચ્છા પર સંપૂણ રીતે આજ્ઞાપાલન કરવાનો નિર્દેશ આપ્યો છે તથા આલે દાઊદ કહીને અલ્લાહ તઆલાએ મને હઝરત સુલેમાન અ.સ.થી ઉપમા આપી છે. હઝરત સુલેમાન અ.સ., હઝરત દાઉદ અ.સ પછી ખલીફા થયા હતા તથા તેમના પુત્ર પણ હતા. આપ ફરમાવે છે કે મને યાદ છે કે જ્યારે હું મારા સથીઓ સહિત ફરવા જતા તે સમયે તેનું વર્ણન કરી રહ્યો હતો તો મારા વિચારમાં આપના નિધનની ઘટના નિકળી ગઈ તથા મને ઉત્સાહ પૈદા થઈ કે હું દૌડીને જાઊ તથા હઝરત મસીહ મૌઊદ અ.સ.ને જઈને તેનું વર્ણન કરૂં.

આપ ફરમાવે છે કે ચોથી ગવાહી તે સપનાના સત્યાપનનો મારો આ કશ્ફ છે કે મેં જોયું કે હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈતુદુઆમાં બેસીને દુઆ કરી રહ્યો છું કે એક દમ મારા પર જાહેર થયું કે હઝરત મસીહ મૌઉદ અ.સ. ઈબ્રાહીમ હતા. પછી ખુદા તઆલા તરફથી મારા પર સ્પષ્ટ કરવામાં આવ્યું કે આ ઉમ્મતમાં અનેક ઈબ્રાહીમ થયા છે. મને જણાવવામાં આવ્યું કે ખલીફા અવ્વલ ઈબ્રાહીમ અધમ છે, પછી મને જણાવ્યું કે ઈબ્રાહીમ તમે પણ છો.

પછી ફરમાવે છે કે પાંચમું પ્રમાણ જે આ વિષયમાં ખુદા તઆલા તરફથી હઝરત મસીહ મૌઉદ અ.સ.ના નિધન નજીક મને મળ્યો, આ છે કે મેં એક વાર સપનામાં જોયું કે એક ઘંટી વાગી અને તેનો અવાજ એવો હતો કે પીત્તલનો કોઈ કટોરો હોય તથા તેને કોઈ વસ્તું સાથે ટકોરો તો તેમાંથી ટનની ધ્વની ઉત્પન થાય છે. તે ઘંટીમાંથી પણ ટનનો અવાજ આવ્યો પરંતુ તે ધ્વની એટલી સુરીલી અને સૂક્ષ્મ છે કે એવું લાગે છે કે આખા જગતના સંગીતનો આનંદ તેમાં ભરી દેવાયો છે. આ ધ્વની વધતી ગઈ અહીયા સુધી કે આખા વાતાવરણમાં એક પ્રતિમાની જેમ છવાઈ ગઈ અને એક ફ્રેમ બની ગઈ. પછી મેં જોયું કે આ ફ્રેમમાં એક છબી ઊભરી જે કોઈ અત્યાધિક સુંદર અસ્તિત્વનું છે. પછી તે છબી હલવા લાગી તથા થોડા સમય પછી તેમાંથી કૂદીને એક અસ્તિત્વ મારી સામે આવી ગયું જેના વિશે હું સમજાવું છું કે તે

ખુદાનો ફરીશ્તો છે અને તેણે મને કહ્યું કે આવો હું તમને સૂરહ ફાતેહાનો પાઠ ભણાવું. આમ તેણે મને સૂરહ ફાતેહાનો પાઠ ભણાવવાનું શરૂ કરી દીધું અહીયા સુધી કે તે اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُની વ્યાખ્યા શરૂ કરવા લાગ્યો તો કહેવા લાગ્યો કે આજ સુધી જેટલા મુફસ્સિર થયા છે તે તમામે مالک یوم الدین સુધી વ્યાખ્યા લખી છે પરંતુ હું તને તેની આગળની વ્યાખ્યા પણ જણાવીશ. આ પ્રમાણે તેણે આખી સૂરહ ફાતેહાની વ્યાખ્યા મને ભણાવી દીધી. જ્યારે મારી આંખ ખુલી તો સપનામાં તે ફરિશ્તાએ જે વાતો મને જણાવી હતી, તેમાથી કેટલીક વાતો મને યાદ હતી પરંતુ મેં તેને લખી નહી તથા બાદમાં હું સ્વયં પણ તેને ભૂલી ગયો. સવારે જ્યારે આ સપનાની ચર્ચા હઝરત ખલીફા અવ્વલ સાથે કરી તથા આ પણ કહ્યું કે સપ્નામાં જે વાતો ફરિશ્તાએ મને જણાવી હતી તેમાંથી કેટલીક આંખ ખુલવા પર મને યાદ હતી પરંતુ સવારે ઉઠવા પર મારા મગજમાંથી નિકળી ગઈ. તો હઝરત ખલીફા અવ્વલ નારાઝ થઈને કહેવા લાગ્યા કે તમોએ એટલું જ્ઞાન નષ્ટ કરી દીધું, તેને લખી લેવું જોઈએ હતું. ફરમાવે છે કે પણ તે દિવસ ગયો અને આજનો દિવસ આવ્યો છે સૂરહ ફાતેહા દ્વારા ખુદા તઆલા હંમેશા જ નવા નવા વિચાર મને જણાવે છે. આ સપનાની વાસ્તવિકતા આ હતી કે મારા અંદરની શકિતમાં વિશેષ રૂપથી સૂરહ ફાતેહાનું જ્ઞાન તથા સાધારણ રીતે આખા કુરઆનને સમજવાનો જ્ઞાન રાખી દેવાયો છે જે સમય સમયે ઈલ્હામ સાથે આવશ્યકતા અનુસાર પ્રકટ થતો રહેશે. પછી આપ ફરમાવે છે કે જે સમયે જમાઅતમાં મતભેદ થયો, અલ્લાહ તઆલાએ મને ઈલ્હામ દ્વારા જણાવ્યું કે અમે તેને ટુકડે ટુકડા કરી દઈશું. ટો સમયે આ લોકો પોતાને ૯૫ ટકા કહેતા હતા પરંતુ હવે તેમની સ્થિતિ શું છે. અલ્લાહ તઆલાએ તેમને આ ભવિષ્યવાણી અનુસાર વાસ્તવમાં ટુકડે ટુકડા કરી દીધા છે. ખ્વાજા કમાલુદ્દીન સાહેબે પોતાના અવસાન પહેલા લખ્યું કે મિરઝા મહમૂદએ અમારા વિશે જે ઈલ્હામ પ્રકાશિત કર્યો હતો, તે બિલ્કુલ પુરો થયો છે અને અમે વાસ્તવમાં ટુકડે ટુકડા થઈ ગયા છીએ.

પછી આપ ફરમાવે છે કે અલ્લાહ તઆલાએ અનેવા વાર મારા પર પોતાના પરોક્ષને જાહેર કરીને આ પેશગોઈને સાચો કરી દીધો છે કે મુસ્લેહ મૌઊદ ખુદા તઆલાની સત્યાત્માથી સુશોભિત થશે. આ અલ્લાહ તઆલાના નિશાન છે જે તેણે મારા દ્વારા જાહેર કર્યા છે. હુઝુર અનવર એ ફરમાવ્યું કે પેશગોઈનો તો લાંબો વિસ્તાર છે તથા આવનાર દિવસોમાં જમાઅતોમાં આ પેશગોઈના વિષયમાં જલસા પણ થશે. એમટીએ પર પ્રોગ્રામ પણ આવી રહ્યા છે, જમાઅતના લોકોએ તેમાં અધિકથી અધિક સામેલ થવું જોઈએ, સાંભળવું જોઈએ જેથી આ પેશગોઈનું વિસ્તારથી વિવેક પ્રાપ્ત થાય. આ પેશગોઈમાં અસંખ્ય નિશાન છે જે ખુબ શાનથી હઝરત મુસ્લેહ મૌઉદ રઝીઅલ્લાહ તઆલા અન્હુમાં પુરા થયા છે.

******

| Khulasa Khutba Jumma Huzoor Anwar 17 February 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To..........................................................................................................<br>..........................................................................................................<br>..........................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |